# ઉત્તર ગુજરાતમાં કરોડોની કર ચોરી સામે અધિકારીઓની નરમાઈ

મહેસાણા, તા. ૨૪

ઉત્તર ગુજરાતના મહેસાણા જિલ્લામાં છેલ્લા ઘણા વખતથી વેચાણ વેરા યાને વેટની દર વર્ષે કરોડો રૂપિયાની કરચોરી થતી હોવા છતાં સંબંધિત અધિકારીઓ દ્વારા કડક કાર્યવાહી ન થતાં સરવાળે સરકારને આવક ગુમાવવી પડે છે.

મહેસાણા જિલ્લામાં ઊંઝા, મહેસાણા, વિસનગર, વિજાપુર, કડી, કુકરવાડા વગેરે સ્થળો વેપાર ધંધા માટેના મોટા કેન્દ્રો છે. આમાં ઊંઝા સૌથી મોટું વેપારી મથક ગણાય છે. આ મહત્વના વેપારી મથકો એ કૃષિ ઉપજની સાથે તેમજ અન્ય ચીજવસ્તુઓની રોજીંદા લાખ્ખો રૂપિયાની કિંમતની લે વેચ થાય છે. મોટા વેપારી મથકોએથી દરરોજ અસંખ્ય ટ્રકો મારફતે જુદા જુદા માલો દેશના વિભિન્ન શહેરો, નગરોમાં રવાના થતા હોય છે. ગુજરાત રાજયમાં જુદા જુદા સ્થળોએ લગભગ એક ડઝન જેટલા ચેકપોસ્ટ આવેલ છે. જે ચેક પોસ્ટો વટાવીને માલ ભરેલ ટ્રકો પરપ્રાંતમાં જાય છે. આ પૈકી કેટલીયે ટ્રકોમાં બેનંબરી યાને બોગસ બિલના આધારે સરકારી ટેક્ષ ભર્યા વગર માલો જતા હોય છે તેવું કહેવાય છે. આવા ટેક્ષની ગણતરી કરાયતો દરરોજ લાખો રૂપિયા અને વર્ષે દહાડે કરોડો રૂપિયા ઉપર નીકળી જાય તેમ છે તેટલી કર ચોરી થતી હોવાનું ચર્ચાય છે. કહે છે કે આ કરચોરી પાછળ વેટ વિભાગના કેટલાક કહેવાતા ભ્રષ્ટ અધિકારીઓને તગડી રકમ મળે છે. આ ઉપરાંત માલનું વહન કરનાર ટ્રક ટ્રાન્સપોર્ટવાળાઓને પણ કથિત બોગસ બિલના આધારે માલ લઈ જવા પાછળ બે થી ત્રણ ગણું ભાડું મળતું હોવાનું કહેવાય છે. આમ ટ્રાન્સપોર્ટ કંપનીઓ, વેટ વિભાગના કથિત ભ્રષ્ટ અધિકારીઓ અને આરટીઓ વચ્ચેની ભ્રષ્ટાચારરૂપી સાંઠગાંઠના કારણે ખુલ્લેઆમ કરચોરી થઈ રહી હોવાના આક્ષેપો થઈ રહ્યા છે.

# મહેસાણામાં ખાંડના ભાવમાં ભડકો થતા લોકોમાં રોષ

મહેસાણા, તા. ૨૫

કેન્દ્ર સરકારે રેલવે ભાડામાં વધારો કર્યા બાદ આંડની આયાત પરની ડ્યુટી વધારી દેતાં આ ભાવ વધારાથી લોકોમાં ઘેરા અસંતોષની લાગણી ફેલાઈ છે.

તાજેતરમાં કેન્દ્ર સરકારે રેલવેની તમામ મુસાફર ટ્રેનોના ભાડામાં ૧૪ ટકા ઉપરાંતનો વધારો ઠોકી બેસાડ્યો છે. આ સાથે નૂરભાડામાં અસહ્ય વધારો કરીને મોંઘવારીમાં પિસાતી જનતાને પડ્યા પર પાટુ માર્યું છે. ત્યાં આમ જનતાને રોજિંદા જીવન જરૂરીયાતની અતિ મહત્વની ચીજ ખાંડ પર ઈમ્પોર્ટ ડ્યુટી વધારી દીધેલ છે. ત્યારે વર્તમાન કારમી મોંઘવારીના સમયમાં લોકોને જીવન જીવવું અતિ કઠિન થઈ પડ્યું છે.

પરિવહનક્ષેત્રે રાજયમાં એસ.ટી. બસોના ભાડા કરતાં રેલવે ટ્રેનોના ભાડા ઓછા હતા જેથી ઘણા મુસાફરો મહત્તમ રેલવે ટ્રેનોમાં મુસાફરી કરતા હતા. પરંતુ હવે રેલવે ભાડામાં તોતિંગ વધારો થતાં ટ્રેનોમાં મુસાફરોની સંખ્યા ઘટશે તેવી સ્થિતિ પેદા થઈ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, અગાઉ ગુજરાત એસ.ટી. નિગમની બસોમાં થયેલ ભાડા વધારાને કારણે એસ.ટી. બસોમાં મુસાફરોની સંખ્યામાં એકંદરે ઘટાડો થયેલ છે. આમાં ખાસ કરીને ટૂંકા અંતરમાં ઓટોરીક્ષા અને ખાનગી વાહનો મુસાફર દીઠ પાંચ રૂપિયા ભાડુ વસૂલે છે. જ્યારે એસ.ટી. બસનું મીનીમમ ભાડુ આઠ રૂપિયા થતું હોઈ રોજિંદા એક બીજા સ્થળએ આવ-જા કરતા મુસાફરો મોટાભાગે ખાનગી વાહનો તરફ વળ્યા છે. પરિણામે એસ.ટી. તંત્રને આર્થિક રીતે નુકશાન થઈ રહ્યું છે.

## શહેરની સુલેહ શાંતિ જોખમાય તે પૂર્વે તંત્ર પગલાં ભરે તેવી માંગ

# પાલનપુરના માલણ દરવાજા રોડ પર સરકારી જમીન પરનું દબાણ તોડી પડાયુ

## ભાજપી નેતાઓ અને નગરસેવકોની ભુમાફિયાઓ સાથેની સાંગાંઠ ખુલ્લી પડતા ચકચાર

પાલનપુર, તા. ૨૪

પ્રખર હિન્દુત્વના ઠેકેદાર બની ભગવાનશ્રી રામના નામે સત્તાના સિંહાસન સુધી પહોંચ્યા બાદ ભગવાન શ્રીરામને પણ કોરાણે મુકી દેનારા કહેવાતા હિન્દુત્વવાદી ભાજપના રાજમાં ખુદ ભાજપી સત્તાધિશો અને પદાધિકારીઓના અંગત સ્વાર્થ થકી થતા કોઠા કબાડાંને પગલે વિધર્મી અસામાજીક તત્વોને છુટો દોર મળી રહ્યો હોવાની વ્યાપક ફરીયાદો ઉઠી છે. ત્યારે ભાજપ શાસિત પાલનપુર નગરપાલિકાના રાજમાં માલણ દરવાજા પાસે સરકારી પોલીટેકનીક કોલેજ સામે આવેલી સર્વે નં. ૪૫ની સરકારી જમીન પર અસામાજીક તત્વો સમા ભુમાફિયાઓએ જમાવેલો ટોક ઓફ ધ ટાઉન બન્યો હતો. જોકે, આ પ્રકરણમાં અગાઉ દુર્ગાવાહીનીમાં બહેનોને હીન્દુત્વના પાઠ ભણાવ્યા બાદ હાલમાં પાલનપુર શહેર ભાજપ મહીલા મોરચાના કાર્યરત પ્રમુખ મહેન્દ્ર પટેલએ પણ શહેરની સુલેહ શાંતિ જોખમાય તે પુર્વે તકેદારીના પગલા ભરતા તાત્કાલીક માલણ દરવાજા રોડ પરની શ્રી સરકાર રહેલા બાંધકામને અટકાવ્યું હતું. અને થયેલા બાંધકામને તોડી પાડવામાં આવ્યું હતું. આમ, ભાજપના સત્તાધીશોની સુચક ચુપકીદી વચ્ચે સહીત કેટલાક કહેવાતા હિન્દુત્વના ઠેકેદારોની સંડોવણી બહાર આવતા ભાજપની ભગીની સંસ્થાઓમાં રોષ ભભુકી ઉઠયો હતો. જેના પગલે રોષે ભરાયેલા હિન્દુ સમાજે કલેકટરને આવેદનપત્ર પાઠવી તત્કાલ સરકારી જમીન પરનો કબજો દુર કરાવવાની માંગ કરતા ચકચાર મચી જવા પામી હતી.

દરમિયાન, જીલ્લા કલેકટર હસ્તકની સોનાની લગડી જેવી કરોડો રૂપિયાની હજારો ફુટ જમીન પરના દબાણો દુર કરાવવાની સુચના આપી હતી. જેને પગલે ગત સાંજે પાલનપુર પ્રાંત કચેરી અને પાલનપુરના મહીલા મામલતદાર ગીતાબેન દેસાઈ અને સર્કલ ઓફીસર ઉદય જોશી સહીતની ટીમ પોલીસ બંદોબસ્ત સાથે જે.સી.બી મશીનના કાફલા સાથે ઘટનાસ્થળે પહોંચી જઈ સરકારી જમીન પર થઈ જીલ્લા કલેકટરે દાખવેલી સતર્કતાને પગલે સરકારી જમીન પરનું દબાણ દુર થતા હીન્દુ સમાજના યુવા અગ્રણીઓએ રાહતનો શ્વાસ લીધો હતો. જોકે, આ સમગ્ર પ્રકરણમાં ભાજપના સત્તાધીશો સહીત સંગઠનમાં બેઠેલા કેટલાક હોદ્રેદારોની સંડોવણીને મામલે સમગ્ર હીન્દુ સમાજ સહીત ભાજપની ભગીની સંસ્થાઓમાં ઘેરા પ્રત્યાઘાત પડયા છે.



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

### બેલીમ નાળા પર થઈ રહેલી દુકાનો સામે પણ થશે રજુઆત ?

હિન્દુત્વના પહેરદાર બની હીન્દુઓના વોટ લઈ સત્તાનશીન થયેલા કેટલાક ભાજપી નગરસેવકો સહીતના ભાજપી નેતાઓએ જ અંગત સ્વાર્થ ખાતર હીન્દુ સમાજના હીતોને ઠેબે ચડાવતા ભાજપની ભગીની સંસ્થાઓ ભડકી ઉઠી હતી. માલણ દરવાજા પાસેના સરકારી જમીન પરના દબાણ દુર કરવાને મામલે ખુદ ભાજપ શાસિત પાલનપુર નગરપાલિકાનું કુણું વલણ પણ ચર્ચાની એરણે ચડયુ છે. દબાણવાળી જગ્યામાં મેળવાયેલું પાણીનું કનેકશન તે બાબતની ચાડી ખાઈ રહયું છે. ત્યારે આ પ્રકરણમાં કસુરવારો સામે પણ પગલાં ભરાય અને આ કોઠા કબાડાંમાં કાળા હાથ કરનારા લોકોને પણ બેનકાબ કરાય તે માટે સરકાર અને સંગઠનમાં ઉચ્ચકક્ષાએ રજુઆત કરવામાં આવી હોવાના અહેવાલ સાંપડયા છે. ત્યારે બીજી બાજુ આ પ્રકરણમાં મળેલી સફળતા બાદ હવે શહેરના રેલવે સ્ટેશન વિસ્તારમાં આવેલા બેલીમ નાળા પર કુદરતી વ્હેણને અવરોધીને તેના પર દુકાનો બાંધવાની અપાયેલી મંજુરી સામે પણ વિરોધનો સુર ઉઠયો છે. સંઘના કાર્યક્રમોમાં આવી તેના ફોટા ફેસબુક કે વોટસઅપ પર અપલોડ કરી સવાયા હીન્દુત્વવાદી હોવાનો ડોળ કરનાર કેટલાક ભાજપી નગરસેવકોએ બે પાંદડે થવાની લ્હાયમાં સમગ્ર હીન્દુ સમાજના વ્યાપક હીતોને અવગણીને લીધેલા નિર્ણયો સામે ભાજપની ભગીની સંસ્થાઓમાં ભારે રોષ ભભુકી ઉઠયો છે. જેને પગલે આવનારા દિવસોમાં બેલીમ નાળાં પરની દુકાનો પરનું ભુત પણ ધુણે તેવા એંધાણ વર્તાઈ રહ્યા છે.

# ડીસા દક્ષિણ પોલીસે વિદેશી દારૂ સાથે રીક્ષા ઝડપી

ડીસા, તા. ૨૪


ડીસાના માર્કેટયાર્ડ ખાતે વિદેશી દારૂ વેચાણની બાતમી મળતા ડીસા દક્ષિણ પોલીસ મથકના પી.આઈ. કે.ડી. નકુમ અને ટીમે દરોડો પાડ્યો હતો જેમાં પોલીસ જોઈ રક્ષા ચાલક ફરાર થઈ ગયો હતો. આ રીક્ષામાંથી પોલીસે ઝડતી તપાસ દરમિયાન સાડાબાર હજારનો પરપ્રાંતનો દારૂ ઝડપી પાડ્યો હતો.

આ અંગેની મળતી વિગતો મુજબ ડીસા હાઈવે સ્થિત માર્કેટયાર્ડમાં વિદેશી દારૂ વેચાણની બાતમી મળતા ડીસા દક્ષિણ પોલીસમથકના પી.આઈ. નકુમ અને તેમની ટીમે બાતમી સ્થળે દરોડો પાડ્યો હતો અને ઓટોરીક્ષા નં. જીજે-૮-વી-૮૧૦૭ ની તપાસ કરતા તેમાંથી વિવિધ બ્રાન્ડની વિદેશી દારૂ અને બિયરની બોટલનો જથ્થો મળી આવ્યો હતો. જો કે પોલીસ જોઈ રીક્ષા ચાલક ભાગી છુટ્યો હતો. જે બાદ પોલીસે બનાવ સ્થળેથી પોલીસે રૂ. ૧૨,૫૦૦ની કિંમતનો દારૂનો જથ્થો અને રૂ. ૪૦,૦૦૦ની રીક્ષા સહિત કુલ રૂ. ૫૨,૫૦૦નો મુદ્દામાલ જપ્ત કરી ભાગેડુ રીક્ષાચાલકની શોધખોળ હાથ ધરી છે.

### મહિયલના ત્રિવેદી મેવાડા બ્રાહ્મણ સમાજનું ગૌરવ

તલોદ, તા. ૨૪

તલોદ તાલુકાના મહિયલ ગામનાં ત્રિવેદી મેવાડા બ્રાહ્મણ સમાજના ચિંતન દિલીપકુમાર ઉપાધ્યાય મશીન ડીઝાઈન (ગિયર) બેંગ્લોર ખાતે ૨૦૧૪માં માસ્ટર ડીગ્રી



મેળવી ઉત્તીર્ણ થયેલ છે. તે બદલ સમસ્ત ત્રિવેદી મેવાડા બ્રાહ્મણ સમાજનું ગૌરવ વધારવા અભિનંદન પાઠવતાં મહિયલ ગામ અને ત્રિવેદી મેવાડા બ્રાહ્મણ સમાજના પ્રમુખ મહેશભાઈ ઉપાધ્યાયએ અભિનંદન પાઠવ્યા હતાં. તેમજ ઉત્તરોત્તર પ્રગતિનાં આર્શિવાદ પાઠવ્યા હતાં.

### ખેડબ્રહ્મામાંથી અજાણ્યા પુરુષનો મૃતદેહ મળ્યો

ખેડબ્રહ્મા, તા. ૨૪

ખેડબ્રહ્મા શહેરમાંથી મંગળવાર સવારે એક અજાણ્યા પુરુષનો મૃતદેહ મળી આવ્યો હતો.

ખેડબ્રહ્મા શહેરના બસ સ્ટેશન વિસ્તારમાં પટેલ સમાજવાડીની ખુલ્લી જગ્યા આવેલી છે. તેમાં સવારના સમયે કોઈ અજાણ્યા પુરુષનો મૃતદેહ પડ્યો હોવાની વાત વાયુવેગે સમગ્ર શહેરમાં ફેલાઈ હતી જેને લઈ ટોળે ટોળા ઉમટી પડ્યા હતા. આ અંગે ખેડબ્રહ્માના રહીશ કોદરભાઈ માંણકાભાઈ પટેલે ખેડબ્રહ્મા પોલીસને જાણ કરતાં પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

# ભોયણમાં આગ લાગતા બહેનનું મોત : ભાઈ સખ્ત રીતે દાઝી ગયો

## પરિણીતા અને જુનાડીસાનો યુવાન ધર્મના ભાઈ-બહેન હતા : યુવકના નિવેદન અને ઘટના સ્થળે વિસંગતાથી તર્ક વિતર્ક સર્જાયા

ડીસા, તા. ૨૪

ડીસા તાલુકાના ભોયણ નજીક આવેલ આશાપુરા સોસાયટીમાં કોઈક કારણસર દાઝેલી પરણીતાનું મોત નિપજયું હતું. જ્યારે જુનાડીસાનો યુવક સખ્ત રીતે દાઝી જતાં વધુ સારવાર અર્થે પાલનપુરની સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

પ્રાપ્ત વિગતો મુજબ ભોયણ નજીક આવેલ આશાપુરા સોસાયટીમાં રહેતા રાધેશ્યામ ઠાકોર અને ટીનાબેન ઠાકોર નામનું દંપત્તિ રહેતું હતું. જેમને સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી હતી. રાધેશ્યામ ઠાકોર કાચ ફીટીંગના વ્યવસાય સાથે સંકળાયેલો છે. મંગળવાના રોજ રાધેશ્યામ ઠાકોરે ધંધા અર્થે શહેરમાં ગયેલ હતા તેવા સમયે બપોરના સાડાબાર વાગ્યાના સુમારે ઘરમાં એકા એકા ધુમાડાના ગોટા અને ચીસાચીસ શરૂ થતાં આજુબાજુના રહિશો દોડી આવ્યા હતા. જ્યાં તપાસ કરતાં ટીનાબેન ઠાકોર બળેલી હાલતમાં ઘરના દરવાજા પાસે પડયા હતા. તેમને તપાસ કરતા મૃત હાલતમાં ઝણાયા હતા. જ્યારે અંદર તપાસ કરતા જુનાડીસા ગામનો હરગોવનજી પુનમાજી ઠાકોર પણ શખ્ત રીતે દાઝેલી હાલતમાં મળી આવતા તેને સારવાર અર્થે શહેરની સિવીલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. જ્યારે ટીનાબેન ઠાકોરની લાશને ડીસાના મનુભાઈ આસ્નાનીએ પી.એમ. અર્થે ડીસાની સરકારી હોસ્પિટલમાં ખસેડી હતી. જો કે હરગોવન ઠાકોર પણ શરીરે ૯૦ ટકા જેટલો દાઝી ગયો હોવાથી વધુ સારવાર અર્થે પાલનપુર ખાતે ખસેડાયો હતો. પોલીસને આપેલા નિવેદનમાં હરગોવન ઠાકોરે જણાવ્યું હતું કે ટીના અને હું ઘરમના ભાઈ-બહેન છીએ. બપોરે હું તેના ઘરે ગયો ત્યારે મારી પાસેથી માચીસ લઈ રસોડામાં ગઈ હતી. ત્યાં ગેસ લિકેજથી બાટલામાં ભડકો થતાં તે આગમાં લપેટાઈ હતી. જેને બચાવવા જતાં હું પણ દાઝયો છું. જો કે રસોડાની અંદર ગેસનો બાટલો હેમખેમ હતો અને બેજરૂમમાં બેજ બળેલી હાલતમાં જોવા મળ્યો હતો. એટલે સમગ્ર પ્રકરણમાં અનેક તર્ક વિતર્ક વહેતા થયા છે. લોકોએ જણાવ્યું હતું કે હરગોવન ઠાકોર ટિફીન લેવા માટે અહીં આવતો હતો. ત્યાર ટીના અને હરગોવન ધર્મના ભાઈ-બહેન બન્યા હતા. આ ઘટનાની જાણ થતાં જ દોડી આવેલ પતિ રાધેશ્યામ ઠાકોર સમગ્ર દ્રશ્ય જોતા જ બેભાન થઈ ઢળી પડયા હતા. તેમના બન્ને બાળક મા વિના લાચાર બની ગયા છે. ઘટનાની જામ થતાં જ તાલુકા વિકાસ અધિકારી ચંદુભાઈ ડગલા, સર્કલ ઓફિસર કલાજી ઠાકોર અને તલાટી કમ મંત્રી શર્મા પણ ઘટના સ્થળે દોડી આવ્યા હતા.





(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

# બનાસ ડેરી ખાતે ફિલ્ડ રિપોર્ટર પાલનપુરના તેજસ્વી છાત્રોનો સન્માન સમારોહ યોજાયો



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

પાલનપુર, તા. ૨૪

પાલનપુરમાં પત્રકારોના પરિવારજનોએ બનાસ ડેરીને નિહાળી

સતત ફિલ્ડમાં ફરી જુદી જુદી ઘટનાઓનું કવરેજ કરતા રિપોર્ટર્સ દ્વારા બનેલી ફિલ્ડ રિપોર્ટર પાલનપુર સંસ્થા પોતાના ફરજ સાથે સાથે સામાજિક દાયિત્વ નિભાવવાની નેમને પણ સાર્થક કરી રહી છે. ફિલ્ડ રિપોર્ટર સંસ્થાના પરિવારના તેજસ્વી છાત્રોના સન્માન નો કાર્યક્રમ એશિયાની સહુથી મોટી ડેરી બનાસ ડેરી ખાતે યોજાયો હતો પરથીભાઈ ભટોળ ના અધ્યક્ષ સ્થાને આયોજિત કાર્યક્રમમાં બાળકોને મેડલ પહેરાવી સન્માનિત કરાયા હતા આ -સંગે પરિવારજનોએ બનાસ ડેરીને પણ નિહાળી હતી.

હર હમેશ સમાજમાં બનતી જુદી જુદી ઘટનાઓને વાચા આપવા કટિબધ પાલનપુરના રિપોર્ટર પોતાના પત્રકારત્વની સાથે સાથે ઉચ્ચ સામાજિક અને પારિવારિક મુલ્યોને જાળવી રાખવા હર હંમેશ તત્પર રહે છે અને આ બાબતની -તિતી કરાવતી ઘટના બની હતી જયાં એશિયામાં સહુથી મોટી બનાસ ડેરીમાં ફિલ્ડ રિપોર્ટર પાલનપુર ના તેજસ્વી છાત્ર સન્માન સમારોહ નું દબદબાભેર આયોજન કરવામાં આવ્યું હતું કાર્યક્રમ ના અધ્યક્ષ સ્થાને થી -વચન આપતા બનાસડેરીના ચેરમેન પરથીભાઈ ભટોળ એ જણાવ્યું હતું કે ફિલ્ડ રિપોર્ટર સંસ્થા દ્વારા આયોજિત આ કાર્યકર્મ બાળકોના -ેત્સાહન માટે ખુબ જરૂરી છે તેમણે બનાસ ડેરીના વિકાસમાં પત્રકારોનો પણ વિશેષ સહયોગ રહ્યો છે એ બાબત પર ભાર મુક્યો હતો બનાસ ડેરીના એમડી સંજય કરમચંદાની એ બાળકોના વિકાસ માટે આ -કારના રચનાત્મક કાર્યક્રમ થાય એ બાબત પર ભાર મુક્યો હતો બનાસ ડેરીને દુનિયાના ફલક પર લઈ જનારા પરથી ભાઈ ભટોળ ને ફિલ્ડ રિપોર્ટર -મુખ વિનોદ સુંદેશા દ્વારા સન્માન પત્ર સંસ્થા વતી પાઠવાયો હતો કાર્યક્રમ ના અધ્યક્ષ સ્થાને બનાસડેરીના ચેરમેન પરથીભાઈ ભટોળ , સમારોહના મુખ્ય મહેમાન પદે બનાસ ડેરીના એમડી સંજય કરમચંદાની , ફિલ્ડ રિપોર્ટર -મુખ વિનોદ સુંદેશા, મહામંત્રી -કાશ વ્યાસ , સહીત ફિલ્ડ રિપોર્ટર સંસ્થાના તમામ સભ્યો પરિવાર જનો સાથે તેમજ ડેરીના અધિકારીઓ હાજર રહ્યા હતા આ કાર્યક્રમને સફળ બનાવવા -ોજકટ કન્વીનર નરેશ ચૌહાણ અને ગીરીશ સોની એ ભારે જહેમત ઉઠાવી ઉઠાવી હતી.

# ધનસુરા મામલતદાર કચેરીમાં સર્વેયર ખોરવાતા વિદ્યાર્થીઓ પરેશાન

ધનસુરા, તા. ૨૪

ધનસુરા મામલતદાર કચેરી ખાતે છેલ્લા ઘણા સમયથી વારંવાર સર્વેયરમાં ખામી સર્જાતા અરજદારો દરરોજ ધરમના ધક્કા ખાઈ રહ્યા છે. જેને લીધે લોકોમાં ભારે નિરાશા વ્યાપી જવા પામી છે. ચાલુ વર્ષે શાળા કોલેજમાં પ્રવેશ મેળવવા માટે વિદ્યાર્થીઓ એ જાતિના તેમજ નોન ક્રિમિરેયલના પ્રમાણપત્ર મેળવવા માટે મામલતદાર કચેરીએ જવું પડે છે ત્યારે હાલ ધનસુરા મામલતદાર કચેરીમાં છેલ્લા ઘણા સમયથી અવારનવાર ઈન્ટરનેટ સર્વેયરમાં ખામી સર્જાવાના બનાવો બની રહ્યા છે. જેને લઈ દૂર દૂરના ગ્રામ્ય વિસ્તારમાંથી દાખલા મેળવવા આવતા અરજદારોને લાંબી લાંબી કતારોમાં કલાકો સુધી બેસવાનો વારો આવે છે. તેમ છતાં થોડી થોડી વારે કલાકો સુધી સિસ્ટમ ખોરવાઈ જતા પાછુ જવાનો વારો આવે છે. આથી અરજદારોમાં ભારે રોષ જોવા મળીરહ્યો છે અને સત્વરે સર્વેયર યોગ્ય રીતે કાર્યરત થાય તેવી માંગ કરી રહ્યા છે.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

AGL Radhe

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓના અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામ્સ મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર

કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન